પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૨ | ૨૩ માર્ચ, ૨૦૨૩, ગુરુવાર; ચૈત્ર સુદ - ૦૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# દેશમાં કોરોનાના કેસ ૧૧૦૦ને પાર

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૧૩૪ કેસ નોંધાયા : દેશમાં કોરોનાના સક્રિય કેસોની સંખ્યા ૭,૦૨૬

નવી દિલ્હી, તા.૨૨

દેશમાં કોરોનાના કેસ વધતા લોકોની ચિંતા વધી છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૧૧૩૪ નવા કેસ નોંધાયા છે. હાલ દેશમાં કોરોનાના સક્રિય કેસોની સંખ્યા ૭,૦૨૬ છે. સક્રિય કેસનો દર હાલમાં ૦.૦૧% છે. સાજા થયેલા દર્દીઓની વાત કરીએ તો, છેલ્લા ૨૪ કલાકમાં ૬૬૨ કોરોના દર્દીઓ પણ સ્વસ્થ થયા છે, આ સાથે કોરોનામાંથી સાજા થયેલા લોકોની કુલ સંખ્યા ૪,૪૧,૬૦,૨૭૯૪ પર પહોંચી ગઈ છે. કોરોનાનો રિકવરી રેટ હાલમાં ૯૮.૭૯% છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૧,૦૩,૮૩૧ ટેસ્ટ કરવામાં આવ્યા હતા, આ સહિત અત્યાર સુધીમાં ૯૨.૦૫ કરોડ ટેસ્ટ કરવામાં આવ્યા છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૨૨૦.૬૫ કરોડ રસીના ડોઝ આપવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૭,૬૭૩ કોરોના રસીના ડોઝ આપવામાં આવ્યા છે. ગઈકાલની સરખામણીએ આજે કેસોમાં ધરખમ વધારો થયો છે. દેશમાં ગઈકાલે કોરોનાના ૬૯૯ નવા કેસ નોંધાયા હતા.

દેશમાં કોરોનાના કેસોમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય આરોગ્ય સચિવે થોડા સમય પહેલા મહારાષ્ટ્ર, ગુજરાત, તેલંગાણા, તમિલનાડુ, કેરળ અને કર્ણાટકને પત્ર લખીને પરીક્ષણ, સારવાર, ટ્રેકિંગ અને રસીકરણ પર ભાર મૂકવા જણાવ્યું છે. છ રાજ્યોને લખેલા તેના પત્રમાં આરોગ્ય મંત્રાલયે કહ્યું હતું કે, કેટલાક રાજ્યો એવા છે જ્યાં વધુ સંખ્યામાં કેસ સામે આવી રહ્યા છે. કેસોને વધતા રોકવા માટે સાવચેત અભિગમને અનુસરવાની જરૂર છે.

# કોરોનાના વધતાં કેસ સંદર્ભે મોદીએ ઉચ્ચ સ્તરીય બેઠક કરી

## કોવિડ-૧૯, ઈન્ફ્લ્યુએન્ઝાના વધતાં કેસથી ચિંતા વધી : આરોગ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને લોજિસ્ટિક્સની સજ્જતા, રસીકરણ અભિયાનની સ્થિતિ અંગે ચર્ચા કરવામાં આવી

નવી દિલ્હી, તા.૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દેશમાં કોવિડ-૧૯ અને ઈન્ફલ્યુએન્ઝાની સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી. જેમાં આરોગ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને લોજિસ્ટિક્સની સજ્જતા, રસીકરણ અભિયાનની સ્થિતિ, નવા કોવિડ-૧૯ પ્રકારો અને ઈન્ફલ્યુએન્ઝાના પ્રકારોનો ઉદભવની ચર્ચા થઈ. આ ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક દેશમાં ઈન્ફલ્યુએન્ઝાના કેસોમાં વધારો અને છેલ્લા ૨ અઠવાડિયામાં કોવિડ-૧૯ના કેસમાં થયેલા વધારાને લઈ કરવામાં આવી



સચિવ, આરોગ્ય, MoHFW દ્વારા ભારતમાં વધી રહેલા કેસ સહિત વૈશ્વિક કોવિડ-૧૯ પરિસ્થિતિને આવરી લેતી વ્યાપક રજૂઆત કરવામાં આવી હતી. પ્રધાનમંત્રીને માહિતી આપવામાં આવી હતી કે ભારતમાં ૨૨મી માર્ચ, ૨૦૨૩ ના રોજ પૂરા થયેલા સપ્તાહમાં સરેરાશ દૈનિક ૮૮૮ અને સાપ્તાહિક હકારાત્મકતા ૦.૯૮% નોંધાયેલા સાથે નવા કેસોમાં થોડો વધારો જોવા મળી રહ્યો છે. જોકે, વૈશ્વિક સ્તરે દૈનિક સરેરાશ ૧.૦૮ લાખ કેસ નોંધાયા છે.

૨૨મી ડિસેમ્બર ૨૦૨૨ના રોજ યોજાયેલી છેલ્લી કોવિડ-૧૯ સમીક્ષા દરમિયાન પ્રધાનમંત્રી દ્વારા આપવામાં આવેલા નિર્દેશો પર લેવાયેલી કાર્યવાહીની પણ માહિતી આપવામાં આવી હતી. તેમને માહિતી આપવામાં આવી હતી કે ૨૦ મુખ્ય કોવિડ દવાઓ, ૧૨ અન્ય દવાઓ, ૮ બફર દવાઓ અને ૧ ઈન્ફલ્યુએન્ઝા દવાની ઉપલબ્ધતા

● અનુસંધાન પાન-૭ પર

# પાકિસ્તાનમાં ભૂકંપથી ૧૧નાં મોત

## ૧૦૦થી વધુ ઘાયલ : પાક.માં હવે ભૂકંપે મચાવી તબાહી, મોતનો આંકડો વધી શકે છે : ઊંચી ઊંચી બિલ્ડિંગમાં રહેતા લોકો પોતાના ઘરમાંથી દોડીને બહાર આવી ગયા હતા, એ પછી પણ લાંબો સમય સુધી આફ્ટરશોક અનુભવાયા હતા



ઈસ્લામાબાદ, તા.૨૨

પાકિસ્તાનના કેટલાંક વિસ્તારોમાં મંગળવારની રાત્રે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ભૂકંપની તીવ્રતા ૬.૮ હતી અને એના કારણે લોકોમાં ભારે ડર જોવા મળ્યો હતો. ભૂકંપ આવતા લોકો પોતાના ઘરમાંથી બહાર દોડી આવ્યા હતા. ભૂકંપનું કેન્દ્ર બિંદુ અફઘાનિસ્તાનમાં હતો. લાહોર, ઈસ્લામાબાદ, પેશાવર, ઝેલમ, શેખુપુરા, સ્વાતા નૌશેરા, મુલ્તાન, સ્વાત, શાંગલા સહિત વિવિધ વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. પાકિસ્તાનમાં ભૂકંપના કારણે અત્યાર સુધીમાં ૧૧ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. ભૂકંપના આંચકા એટલા ભારે હતા કે અનેક મકાનો પણ ધ્વસ્ત થઈ ગયા હતા. ઊંચી ઊંચી બિલ્ડિંગમાં રહેતા લોકો પોતાના ઘરમાંથી દોડીને બહાર આવી ગયા હતા. એ પછી પણ લાંબો સમય સુધી આફ્ટરશોક અનુભવાયા હતા. યૂનાઈટેડ સ્ટેટ્સ

● અનુસંધાન પાન-૭ પર

# ભારતે બ્રિટીશ હાઈકમિશન-કમિશનરની સુરક્ષામાં ઘટાડો કર્યો

## જેવા સાથે તેવાની ભારતે ફોર્મ્યુલા અપનાવી : આ બંને સ્થળોના બહારના ગેટ પર સુરક્ષા માટે બેરિકેડ લગાવવામાં આવ્યા હતા, જેને હટાવી દેવામાં આવ્યા

નવી દિલ્હી, તા.૨૨

કૂટનીતિમાં જેવા સાથે તેવાની ફોર્મ્યૂલા અપનાવતા ભારત સરકારે બ્રિટિશ હાઈ કમિશન અને બ્રિટિશ હાઈ કમિશનરના નિવાસસ્થાને સુરક્ષા ઘેરો ઘટાડી દીધો છે. આ બંને સ્થળોના બહારના ગેટ પર બેરિકેડ લગાવવામાં આવ્યા હતા, જેને બુધવારે સવારે હટાવી દેવામાં આવ્યા છે. આ બેરિકેડ્સને સુરક્ષા વ્યવસ્થાનો પ્રથમ કોર્ડન માનવામાં આવે છે. જોકે અધિકારીઓનું કહેવું છે કે અન્ય કોઈ દેશના દૂતાવાસોની સુરક્ષામાં કોઈ ઘટાડો કરવામાં આવ્યો નથી, પરંતુ આ પ્રતીકાત્મક પગલાને બ્રિટનમાં ભારતીય હાઈ કમિશનમાં સતત થઈ રહેલા વિરોધના વિરોધ તરીકે જોવામાં આવી રહ્યું છે. ભારત તરફથી બ્રિટિશ સરકાર દ્વારા તેના હાઈ કમિશનની સુરક્ષા વ્યવસ્થાને લઈને સતત ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે, પરંતુ તેની કોઈ અસર થઈ નથી. છેલ્લા એક સપ્તાહમાં ખાલિસ્તાનના સમર્થકો દ્વારા બે હિંસક પ્રદર્શનો થયા છે. ગયા રવિવારે ખાલિસ્તાન સમર્થકો દ્વારા હાઈ કમિશન બિલ્ડિંગમાં લગાવવામાં આવેલા ભારતીય ત્રિરંગાનું પણ અપમાન કરવામાં આવ્યું હતું.

નોંધનીય છે કે ખાલિસ્તાન સમર્થકોએ તાજેતરના સમયમાં બ્રિટન, અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને કેનેડામાં ભારતીય હાઈ કમિશન અથવા કોન્સ્યુલેટની સામે હિંસક વિરોધ પ્રદર્શન કર્યું છે. ભારતે આ તમામ દેશો સમક્ષ પોતાની ચિંતા વ્યક્ત કરી છે. રવિવારની ઘટના બાદ ભારત સરકારે ભારતમાં બ્રિટનના ડેપ્યુટી હાઈ કમિશનરને બોલાવીને પોતાનો ઉગ્ર વિરોધ વ્યક્ત કર્યો છે.

# વાર્ષિક ક્લોઝિંગ માટે ૩૧ માર્ચ સુધી શાખાઓ ખુલ્લી રાખો

## બેંકોને આરબીઆઈની સૂચના

નવી દિલ્હી, તા.૨૨

નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ તેના અંતિમ તબક્કામાં આવી ગયું છે અને માત્ર ૯ દિવસ પછી આ નાણાકીય વર્ષ આપણને અલવિદા કહેશે. સરકારી વિભાગો, મંત્રાલયો સહિત દેશની મોટાભાગની ઓફિસો, સંસ્થાઓ વગેરેમાં વાર્ષિક સમાપનની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. નાણાકીય વર્ષનો અંત બેંકો માટે વર્ષની સૌથી મોટી ઘટનાઓમાંની એક છે. આ વર્ષે પણ દેશની સરકારી, બિનસરકારી, ખાનગી અને સહકારી બેંકો જેવી બેંકિંગ સંસ્થાઓ જોરશોરથી કામ કરી રહી છે.

નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે ૩૧ માર્ચના રોજ સુનિશ્ચિત થયેલ ખાતાઓના વાર્ષિક બંધ સાથે, ભારતીય રિઝર્વ બેંકએ તમામ બેંકોને એક મુખ્ય નિર્દેશ આપ્યો છે. ઈમેંએ તેમને ઉપર જણાવેલ તારીખ સુધી કામકાજના કલાકો દરમિયાન તેમની શાખાઓ ખુલ્લી રાખવા જણાવ્યું છે. મંગળવારે તમામ એજન્સી બેંકોને લખેલા પત્રમાં આરબીઆઈએ કહ્યું કે ૨૦૨૨-૨૩ માટે એજન્સી બેંકો દ્વારા કરવામાં આવેલ તમામ સરકારી વ્યવહારો તે જ નાણાકીય વર્ષમાં એકાઉન્ટમાં હોવા જોઈએ. તમામ એજન્સી બેંકોએ ૩૧ માર્ચ, ૨૦૨૩ ના રોજ સામાન્ય કામકાજના કલાકો દરમિયાન સરકારી વ્યવહારો સંબંધિત કાઉન્ટર વ્યવહારો માટે તેમની નિયુક્ત શાખાઓ ખુલ્લી રાખવી જોઈએ, કેન્દ્રીય બેંકના પત્રમાં જણાવાયું છે. તેમાં વધુમાં જણાવ્યું હતું કે નેશનલ ઈલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર અને રિયલ ટાઈમ ગ્રોસ સેટલમેન્ટ સિસ્ટમ દ્વારા ૩૧ માર્ચ, ૨૦૨૩ની મધ્યરાત્રિ ૧૨ સુધી વ્યવહારો ચાલુ રહેશે.

# તમિલનાડુમાં ફટાકડાના ગોદામમાં આગથી આઠનાં મોત, ૧૩ ઘાયલ

## ફટાકડાના ગોદામમાં આગનું કારણ જાણી શકાયું નથી : ઘટનામાં ઘાયલોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા

કાંચીપુરમ, તા.૨૨



તમિલનાડુના કાંચીપુરમ જિલ્લાના કુરુવિમલાઈ ગામમાં ફટાકડાના ગોદામમાં જોરદાર વિસ્ફોટ થયો છે. આ વિસ્ફોટમાં ઓછામાં ઓછા આઠ લોકો માર્યા ગયા હતા અને ૧૩ લોકો ઘાયલ થયા હતા. ઘાયલોને કાંચીપુરમ જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તમિલનાડુમાં ફટાકડાના ગોડાઉનમાં વિસ્ફોટ થયો છે. આ બ્લાસ્ટમાં ૮ લોકોના મોત થયા હતા જ્યારે ઘણા લોકો ઘાયલ થયા હતા. ઘાયલોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે.એમ આરતી કાંચીપુરમ કલેક્ટરે જણાવ્યું કે મામલાની તપાસ ચાલી રહી છે.

વિસ્ફોટનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. પોલીસે જણાવ્યું કે બુધવારે બપોરે જ્યારે વિસ્ફોટ થયો ત્યારે યુનિટમાં ૨૫ લોકો કામ કરી રહ્યા હતા. ફાયર બ્રિગેડની ચાર ગાડીઓ ઘટના સ્થળે પહોંચી આગને કાબુમાં લીધી હતી.

કાંચીપુરમ કલેક્ટર એમ આરતીએ જણાવ્યું કે પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ઘટના સ્થળે બચાવ કામગીરી ચાલી રહી છે. આ અંગે પોલીસ વધુ તપાસ કરશે.

# આધારને ચૂંટણી કાર્ડ સાથે જોડવાની મુદતમાં એક વર્ષનો વધારો કરાયો

## સમયમર્યાદા વધારીને ૩૧ માર્ચ-૨૪ કરવામાં આવી

નવી દિલ્હી, તા.૨૨

આધાર અને ચૂંટણી કાર્ડને લિંક કરવાની છેલ્લી તારીખ ૩૧ માર્ચ ૨૦૨૩ હતી જેની તારીખમાં એક વર્ષનો વધારો કરવામાં આવ્યો છે. હવે આધાર અને ચૂંટણી કાર્ડ લિંક કરવા માંગતા લોકોને વધારે સમય મળી ગયો છે.

મળતી માહિતી પ્રમાણે સરકાર લિંક કરવાની સમયમર્યાદામાં વધારો કર્યો છે. સરકારે લોકોની માંગને ધ્યાને લઈને આ નિર્ણય લીધો છે. કાયદા મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલ ગેજેટમાં આ માહિતી આપતા કહેવામાં આવ્યું છે કે, કેન્દ્ર સરકારે ચૂંટણી કાર્ડ સાથે આધાર કાર્ડને લિંક કરવાની સમયમર્યાદા ૧ એપ્રિલ, ૨૦૨૩ થી વધારીને ૩૧ માર્ચ, ૨૦૨૪ કરી છે. ગઈકાલે આ અંગેની સૂચના પ્રકાશિત કરવામાં આવી હતી.

જો કે હજુ સુધી પાન કાર્ડ અને આધાર કાર્ડ સાથે લિંક કરવાની સમયમર્યાદા વધારવાની માંગ પર સરકાર તરફથી કોઈ જાહેરાત કરાઈ નથી. આધાર અને પાન કાર્ડને લિંક કરવાની છેલ્લી તારીખ ૩૧ માર્ચ છે. જો કોઈ વ્યક્તિ આ સમય મર્યાદામાં તેના પાનઅને આધારને લિંક નહીં કરે તો તેનું પાન કાર્ડ ડેએક્ટીવેટ થઈ જશે. આ ૧૦૦૦ રૂપિયા માટે દંડની જોગવાઈ પણ સરકારે કરી છે.

જેના વિદ્યાર્થીઓ IAS, IPS, MLA, MP, Collector અને Minister બની ચૂક્યા છે.
ઓસ્ટ્રેલિઆથી અલાસ્કા - સમગ્ર વિશ્વમાં ફેલાયેલા છે તેવા ગુજરાતના નં.1 ઈન્સ્ટિટ્યુટમાં જોડાઈ...
કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો.
નાણાવટી
The Leader Since 1996
ઘ-2 સર્કલ નજીક, મો. 96240 10555 ઓફિસ સમય સવારે 8 થી 1, સાંજે 4 થી 8
Url : nanavati's world.com - Demo માટે YouTube channel ketanNanavati Gandhinagar ની મુલાકાત લો.

# વડાપ્રધાને ઈન્ડિયા ૬જી વિઝન ડોક્યુમેન્ટ રજૂ કર્યું

## દેશમાં ૫જીનો વ્યાપ પૂરેપુરો વિસ્તર્યો નથી : ૬જી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ટેસ્ટ બેડ લોન્ચ કરાયું, ૬જી દાયકાના અંત સુધીમાં લોન્ચ કરવામાં આવશે

નવી દિલ્હી, તા.૨૨




ગયા વર્ષના અંતમાં ભારતમાં ૫જી લોન્ચ કરવામાં આવ્યું હતું અને હવે ૬જી તરફ કુચ કરવામાં આવી છે. દેશમાં ૫જી લોન્ચ કરવામાં વિલંબ થયો હોવા છતાં ૬જીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ઈન્ડિયા ૬જી વિઝન ડોક્યુમેન્ટ રજૂ કર્યું હતું. આ સાથે તેણે ૬જી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ટેસ્ટ બેડ લોન્ચ કર્યું છે.

દેશમાં ૬જી ટેક્નોલોજી શરૂ કરવા અને અમલમાં મૂકવા માટે તે મદદરૂપ થશે. ૫જી લોન્ચ સમયે પણ પીએમ મોદીએ ૬જીની તૈયારીઓ શરૂ કરવાની વાત કરી હતી. ૬જી વિઝન ડોક્યુમેન્ટ રજૂ કરતાં પીએમ મોદીએ કહ્યું કે, 'આ દાયકો ભારતનો ટેક-એડ છે. ભારતનું ટેલિકોમ અને ડિજિટલ મોડલ સરળ, સુરક્ષિત, પારદર્શક, વિશ્વસનીય અને પરીક્ષણ છે. પીએમ મોદીએ આઈટીયુએરિયા ઓફિસ અને ઈનોવેશન સેન્ટરના ઉદ્‌ઘાટન પ્રસંગે આ વાત કહી હતી.

# દિલ્હીમાં સતત બીજા દિવસે ૨.૭ની તીવ્રતાના આંચકા

નવી દિલ્હી, તા.૨૨

રાજધાની દિલ્હીમાં બુધવારે સાંજે લગભગ ૪.૪૨ કલાકે ફરી એકવાર ભૂકંપના આંચકા અનુભવાયા છે. દિલ્હીમાં સતત બીજા દિવસે ભૂકંપના આંચકા અનુભવાયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે મંગળવારે રાત્રે ૧૦.૧૭ મિનિટે પણ જોરદાર આંચકા અનુભવાયા હતા. મંગળવારના ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાનમાં હિંદુ કુશ ક્ષેત્ર હતું.

નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ અહેવાલ આપ્યો છે કે અફઘાનિસ્તાનમાં ભૂકંપની તીવ્રતા ૬.૬ માપવામાં આવી હતી. ભૂકંપનું કેન્દ્ર ફૈઝાબાદથી ૧૩૩ કિમી દક્ષિણપૂર્વમાં હિંદુ કુશ વિસ્તારમાં હતું. ભૂકંપનું કેન્દ્રબિંદુ ૧૫૬ કિલોમીટરની ઊંડાઈએ હતું.

